### ઉત્તરાયણ પહેલાં જ પતંગ-દોરીના અકસ્માતોની શરૂઆત

# પતંગ ચગાવતા ચોથા માળેથી પડતા બાળકનું મોત



**વરાછામાં** પતંગ પકડવા જતા 9 વર્ષનું બાળક નીચે પટકાતા હાથમાં ફ્રેક્ચર

સુરતઃ સુરત શહેરમાં ઉત્તરાયણને હવે માત્ર દસ દિવસ બાકી છે ત્યારે જ પતંગ અને દોરીના કારણે થતાં અકસ્માતોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી ગંભીર ઘટનાઓ સામે આવી છે, જેમાં એક 9 વર્ષીય બાળકનું ચોથા માળેથી પટકાતા મોત થયું છે, જ્યારે દોરીના કારણે ત્રણ લોકોને ઈજા પહોંચી છે. પતંગ પકડવાની દોડમાં એક અન્ય બાળકને ફ્રેક્ચર થવાની ઘટના પણ સામે આવી છે.

મળતી માહિતી મુજબ મૂળ મહેસાણા જિલ્લાના ઉંઝા તાલુકાના વતની અને હાલ ઉધનાના રાધાકૃષ્ણ આવાસમાં રહેતા રત્નકલાકાર પ્રેમલભાઈ પટેલના 9 વર્ષીય પુત્ર મીરનું શનિવારે મોડી રાત્રે સારવાર દરમિયાન મોત થયું હતું. મીર સ્થાનિક સરકારી સ્કૂલમાં ધોરણ-3માં અભ્યાસ કરતો હતો. ગત તા. 2 જાન્યુઆરીના રોજ બપોરે મીર પોતાના ચાર માળની બિલ્ડિંગની અગાસી પરથી પતંગ ચગાવી રહ્યો હતો. આ દરમિયાન અચાનક સંતુલન ખોરવાતા તે નીચે પટકાયો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં તેને પહેલા ખાનગી હોસ્પિટલ અને બાદમાં નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ તમામ પ્રયત્નો છતાં તેનું મોત થયું. આ ઘટનાથી પરિવાર પર શોકનો પહાડ તૂટી પડ્યો છે.

### અમરોલી (માનસરોવર) બ્રિજ પર દોરીથી ત્રણને ઇજા

શહેરના અમરોલી વિસ્તારમાં માનસરોવર બ્રિજ પર પતંગની દોરીને કારણે ત્રણ લોકોને ઇજા પહોંચવાની ઘટના બની છે. મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ કોસાડ આવાસમાં રહેતા 30 વર્ષીય અરુણ ભાગવત પ્રસાદ તિવારી કતારગામ વિસ્તારમાં આવેલા હીરાના કારખાનામાં કામ કરે છે. શનિવારે રાત્રે કામ પતાવી ઘરે જઈ રહ્યા હતા ત્યારે માનસરોવર બ્રિજ પરથી ઉતરતી વેળાએ પતંગની દોરી અચાનક તેમના ગળા પાસેથી પસાર થઈ ગઈ હતી, જેના કારણે તેમને ઇજા પહોંચી હતી. તાત્કાલિક તેમને સ્મીમેર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત, આ જ વિસ્તારમાંથી પસાર થતા અન્ય બે ટુવ્હીલર ચાલકોને પણ દોરી વાગતાં ઇજા પહોંચી હોવાનું જાણવા મળે છે.

### પતંગ પકડવાની દોડમાં દિવાલ પરથી પડી જતાં બાળકને ફ્રેક્ચર

વરાછા વિસ્તારમાં રાધાકૃષ્ણા મંદિર પાસે આવેલ શ્રી સોસાયટીમાં રહેતા 9 વર્ષીય કૃણાલ સંતોષભાઈ વાઘેલા સાથે પણ અકસ્માત સર્જાયો છે. સરકારી સ્કૂલમાં ધોરણ-4માં અભ્યાસ કરતો કૃણાલ ઘર પાસે પતંગ પકડવા માટે ગયો હતો. આ દરમિયાન જવલંત ટાઉનશીપ વાડીની આશરે 8 ફૂટ ઊંચી દિવાલ પરથી તે નીચે પડી ગયો હતો. પડતાં જ તેના હાથમાં ફ્રેક્ચર થતાં તેને સ્મીમેર હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. હાલ બાળકની હાલત સ્થિર હોવાનું જાણવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વાત તો માત્ર જાન્યુઆરીની છે. પરંતુ ડિસેમ્બર મહિનામાં પણ શહેરમાં પતંગની દોરીને કારણે બેના મોત થયા હતા ત્યારે ત્રણથી વધુ ઘાયલ થયા હતા.

### પ્રતિબંધિત દોરીના 50 બોબીન સાથે બે ઝડપાયા

સુરતઃ પૂણા પોલીસે પ્રતિબંધિત ચાઇનીઝ દોરીના રૂપિયા 35હજારની કિંમતના 50 બોબીન સાથે બે આરોપીની ધરપકડ કરી છે. પુણા વિસ્તારમાં આવેલી રાધા સ્વામી સોસાયટીમાં પોલીસે તપાસ કરતાં બે પાસે ચાઇનીઝ દોરીના બોબીન મળી આવ્યા હતાં. આ કેસમાં પોલીસે આયુષ જજુભાઈ કાછિયા (ઉંમર અંદાજે 20 વર્ષ, રહે. ઘર નં. 60, રાધા સ્વામી સોસાયટી, વરાછા, સુરત) તેમજ હિરેન ભરતભાઈ નકુમ (ઉંમર અંદાજે 18 વર્ષ, રહે. ઘર નં. 140, રાધા સ્વામી સોસાયટી, વરાછા, સુરત)ની ધરપકડ કરી છે. સુરત પોલીસે સ્પષ્ટ ચેતવણી આપી છે કે ઉત્તરાયણ દરમિયાન ચાઇનીઝ દોરીના વેચાણ કે ઉપયોગમાં સંડોવાયેલા કોઈપણ વ્યક્તિ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

### ડબગરવાડના પતંગ બજારમાં ભીડ ઉમટી



સુરતીઓનો માનીતા તહેવાર મકરસંક્રાતિને હવે થોડા જ દિવસો બાકી છે ત્યાં રવિવારે ડબગરવાડમાં પતંગ અને માજાની ખરીદી માટે પતંગ રસિયાઓની ભીડ ઉમટી પડી હતી. (તસવીરઃ હેમંત ડેરે)

# ફોર્માલિન કેમિકલ પીને રાંદેરની હોસ્પિટલનીહેડનર્સેજીવનટૂંકાવ્યું

**ડ્યુટીનો** સમય તૈયાર કરવા બાબતે સાથી મિત્રો સાથે ઝગડો થતા નર્સે ઓપરેશન થિયેટરમાં જઈને કેમિકલ પીને બહાર આવીને અન્ય નર્સ પર ખાલી બોટલ ફેંકી



સુરતઃ રાંદેરમાં જનની ગાયનેક હોસ્પિટલમાં ડ્યુટીનો સમય તૈયાર કરવા બાબતે સાથી મિત્ર સાથે ઝગડો થતા હેડ નર્સે ઓપરેશન થિયેટરમાં જઈને ફોર્મોલીન નામનું કેમિકલ પી લીધું હતું. નર્સને તાત્કાલિક સારવાર માટે અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ તેનું મોત થયુ હતું.

મળેલી માહિતી મુજબ, પાલ વિસ્તારમાં આવેલ રાજ કોર્નરની પાછળ સુડા આવાસમાં 45 વર્ષીય અમિષા હેમંતભાઈ શર્મા એક પુત્રી સાથે રહેતાં હતાં. તેઓ છેલ્લા સાડા ત્રણ વર્ષથી રાંદેર વિસ્તારમાં આવેલ જનની ગાયનેક હોસ્પિટલના ઓપરેશન થિયેટરમાં હેડ નર્સ તરીકે નોકરી કરતાં હતાં. સ્ટાફની ડ્યુટી માટેનો સમય પણ તેઓ જ નક્કી કરતાં હતાં. શનિવારે સાંજે 7 વાગ્યાના સુમારે તેઓ ડ્યુટીનું લિસ્ટ બનાવી રહ્યાં હતાં ત્યારે તેઓ લિસ્ટ બરાબર નહીં બનાવતા હોવાના મુદ્દે સ્ટાફ સાથે રકઝક થતાં તેમને માઠું લાગી આવતા ઓપરેશન થિયેટરમાં જઈને ફોર્માલિન નામનું કેમિકલ પી લીધું હતું. બહાર આવીને તેમણે ખાલી બોટલ સ્ટાફ પર ફેંકતા તેમણે કેમિકલ પીધું હોવાની જાણ થઈ હતી. જેથી તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતાં.

### ફોર્માલિનનો ઉપયોગ મૃતદેહને પ્રિઝવ કરવામાં થાય છે

નવી સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટર શીતલ અભિષેક ખેરડીયાએ જણાવ્યું હતું કે, ફોર્માલિન એ ફોર્માલ્ડિહાઇડનું પાણીમાં દ્રાવણ છે, જેમાં સામાન્ય રીતે ૩૭-૪૦% ફોર્માલ્ડિહાઇડ હોય છે. તે રંગહીન, તીવ્ર ગંધવાળું પ્રવાહી છે. તેનું મુખ્ય ઉપયોગ મેડિકલ અને લેબોરેટરીમાં ટીસ્યુ અને બાયોલોજિકલ સ્પેસિમેન્સને પ્રિઝર્વ કરવા માટે જેમ કે મૃતદેહ અથવા અંગોને સડવાથી બચાવવા તેમજ ડિસઇન્ફેક્ટન્ટ તરીકે જીવાણુ અને ફૂગને મારવા માટે વપરાય છે. ફોર્માલિન ખૂબ જ ઝેરી છે. તેનું સેવન અથવા વધુ માત્રામાં સંપર્ક ગંભીર નુકસાન પહોંચાડે છે. જેનાથી પેટમાં તીવ્ર બળતરા, ઉલટી, શ્વાસની તકલીફ, મેટાબોલિક એસિડોસિસ, કિડની ફેલ્યોર અને મૃત્યુ થઈ શકે છે.

### તકરાર થતા મેં તમામને બોલાવ્યા હતા, ત્યારબાદ ઘટના બની : ડો. વિશાલ

જનની ગાયનેક હોસ્પિટલના ડોક્ટર વિશાલે જણાવ્યું હતું કે, ડ્યુટી બાબતે તકરાર થતા તેમણે તમામ સ્ટાફને ઓફિસમાં બોલાવ્યો હતો. જ્યાં તકરાર વધી જતા તેમણે તમામને ઘરે જવાનું કહ્યું હતું. ત્યારબાદ અમીષા ઓપરેશન થિયેટરમાં જઈને ફોર્મોલીન પી લીધું હતું.

### ભાવનગરમાં 7 લાખની વસતી માટે બે સરકારી ઇજનેરી કોલેજો છે

# સુરતની વસતી 80 લાખ છતાં એક જ સરકારી ઇજનેરી કોલેજ

**સુરતમાં** કેમિકલ એન્જિનિયરિંગ શાખા શરૂ કરવાની માંગ

સુરતઃ સરકારી ઈજનેરી કોલેજ (GEC), સુરત ખાતે નવી કેમિકલ એન્જિનિયરિંગ શાખા શરૂ કરવાની માંગ ઉઠી છે. સુરત પૂર્વ વિધાનસભાના ધારાસભ્ય અરવિંદ રાણા દ્વારા રાજ્યના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજાને આ બાબતે રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં સુરત શહેરની વસ્તી, વિદ્યાર્થીઓની સંખ્યા, ઔદ્યોગિક જરૂરિયાતો તથા અન્ય શહેરોની સરખામણી રજૂ કરીને નવી શાખાની તાત્કાલિક જરૂરિયાત દર્શાવવામાં આવી છે.

રજુઆત મુજબ અમદાવાદ શહેરની વસ્તી આશરે ૮૫ લાખ છે, જ્યારે સુરત શહેરની વસ્તી આશરે ૮૦ લાખ છે. ધોરણ ૧૨ સાયન્સ A-ગ્રુપમાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન અમદાવાદમાં ૭,૬૭૪ વિદ્યાર્થીઓ હતા, જ્યારે સુરતમાં તેનાથી વધુ એટલે કે ૯,૪૧૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. આ આંકડાઓ દર્શાવે છે કે સુરતમાં ઈજનેરી શિક્ષણ માટે પાત્ર વિદ્યાર્થીઓની સંખ્યા અત્યંત મોટી છે. અમદાવાદમાં બે અને ગાંધીનગરમાં એક સરકારી ઈજનેરી કોલેજ છે, જ્યારે સુરતમાં ફક્ત એક જ સરકારી ઈજનેરી કોલેજ કાર્યરત છે. ACPC નોંધણી અને ઇન્સ્ટિટ્યૂટ પસંદગીની સંખ્યાઓ પરથી સ્પષ્ટ થાય છે કે સુરતના વિદ્યાર્થીઓની માંગ હોવા છતાં પ્રવેશ ક્ષમતા અત્યંત ઓછી છે. ભાવનગર શહેરની વસ્તી આશરે ૭ લાખ છે, છતાં ત્યાં બે સરકારી ઈજનેરી કોલેજો કાર્યરત છે, જેમાં કુલ ૮૬૩ બેઠકો ઉપલબ્ધ છે. જ્યારે સુરતની વસ્તી ભાવનગર કરતા દસ ગણી હોવા છતાં માત્ર એક જ સરકારી કોલેજ અને ઓછી પ્રવેશ ક્ષમતા છે, જે પ્રાદેશિક અસંતુલન દર્શાવે છે.

### અમદાવાદ, ગાંધીનગરને ન્યાલ કરાયા છે જ્યારે સુરતને અન્યાય

અમદાવાદ અને ગાંધીનગર ખાતે અનેક પ્રીમિયર સંસ્થાઓ આવેલી છે, તેમજ રાજકોટમાં AIIMS જેવી સંસ્થા કાર્યરત છે. જ્યારે સુરત શહેર અને જિલ્લામાં માત્ર SVNIT જેવી એક જ પ્રીમિયર સંસ્થા છે. આ સ્થિતિથી સ્પષ્ટ થાય છે કે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે સુરતનો વિકાસ અપેક્ષિત પ્રમાણમાં થયો નથી.

### ઔદ્યોગિક પટ્ટો છતાં કેમિકલ એન્જિનિયરિંગની બેઠકોની અછત

વડોદરાથી વાપી સુધીનો વિસ્તાર રાજ્યનો સૌથી મોટો ઔદ્યોગિક પટ્ટો છે, જ્યાં કેમિકલ, પેટ્રોકેમિકલ, ફાર્માસ્યુટિકલ, ટેક્સટાઈલ અને પોલિમર ઉદ્યોગો વ્યાપક પ્રમાણમાં છે. તેમ છતાં દક્ષિણ ગુજરાતમાં સરકારી સંસ્થાઓમાં કેમિકલ એન્જિનિયરિંગની બેઠકો માત્ર ૨૨૫ છે અને GEC સુરતમાં એક પણ બેઠક નથી.

- » ભાવનગર 7 લાખની વસ્તી બે સરકારી ઇજનેરી કોલેજ
- » સુરત 80 લાખની વસ્તી એક સરકારી ઇજનેરી કોલેજ
- » અમદાવાદ-ગાંધીનગર મળીને સરકારી કોલેજોમાં ઇનટેક 3,૭૧૬
- » સુરતની સરકારી કોલેજોમાં માત્ર ઇનટેક ૭૫૦ બેઠક

# પુત્રીના લગ્ન માટે ભેગું કરેલું 10 તોલા સોનું પડી ગયું

**75** વર્ષના વૃદ્ધે જીવનભર મહેનત કરીને સોનું એકત્ર કર્યું હતું

**અડાજણ** પોલીસે 40 CCTV ફૂટેજ ચેક કરી જે મહિલાને સોનું મળ્યું હતું તેને શોધી નાંખી

સુરત : સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા વૃદ્ધનું 10 તોલા સોનું ભરેલું પાકીટ રસ્તામાં પડી ગયું હતું. આ સોનું તેમણે તેમની પુત્રીના લગ્ન માટે ટુકડે ટુકડે કરીને ભેગુ કર્યું હતું.

તેમણે અડાજણ પોલીસનો સંપર્ક કરતાં પોલીસે તેમના રૂટના 40 સીસીટીવી ફૂટેજ ચેક કરીને સોનું જે મહિલાને મળ્યું હતું તેને શોધી કાઢી હતી.

અડાજણ વિસ્તારમાં રહેતા 75 વર્ષીય રસિકલાલ મોડનલાલ મોરપિયા પહેલા કાપડનો વેપાર કરતા હતાં. વર્ષોથી થોડી થોડી બચત કરીને તેમણે તેમની દીકરીના લગ્ન માટે 10 તોલા સોનું ભેગુ કર્યું હતું.

આ સોનું ભરેલુ પાકીટ લઈને તેઓ અડાજણ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે પર્સ ખોવાઈ ગયું હતું. જેથી તેઓ અડાજણ પોલીસ સ્ટેશનમાં ગયા હતા અને ઈન્સ્પરેક્ટર વી.એ. જોગરાણાને રજૂઆત કરી હતી.

જેથી તેમના સ્ટાફે તાત્કાલિક વૃદ્ધ જે જે રૂટ પરથી પસાર થયા હતાં ત્યાના અંદાજે 40 જેટલા CCTV ફૂટેજ ચેક કર્યા હતા. કલાકોની મહેનત બાદ એક ફૂટેજમાં એક મહિલા રાહદારી રસ્તા પરથી પડેલું પાકીટ ઉઠાવતી નજરે પડી. પોલીસે તરત જ મહિલાની ઓળખ મેળવી અને પાલ વિસ્તાર ખાતે તેના ઘરે પહોંચી પૂછપરછ કરી. શરૂઆતમાં મહિલાએ પાકીટ મળ્યું હોવાની કબૂલાત કરી અને ત્યારબાદ ગણતરીના કલાકોમાં તમામ સોનાના દાગીનાં પોલીસને પરત સોંપ્યા હતા.

પોલીસ સ્ટેશન ખાતે જ્યારે રસિકલાલને બોલાવી તેમનું સોનુ ભરેલું પાકીટ સોંપવામાં આવ્યું, ત્યારે તેમની આંખોમાં ખુશીના આંસુ આવી ગયા. ગદગદ અવાજે તેમણે પોલીસનો આભાર માનતા કહ્યું, "આજે મારો વિશ્વાસ વધુ મજબૂત થયો છે કે પોલીસ ગરીબ અને લાચારના પડખે ઊભી રહે છે."

# તોલમાપ ખાતાએ ડીંડોલીમાં જ્વેલર્સ સામે કાર્યવાહી કરી

**મોટા** જ્વેલર્સ નિયમ મુજબ સાચા, નાના જ્વેલર્સોને ત્યાં બે મુખ્ય ખામીઓ બદલ 14 કેસ કરી રૂ.21 હજાર દંડ વસૂલાયો

સુરતઃ જિલ્લા તોલમાપ વિભાગ દ્વારા શહેરના જ્વેલર્સોને ત્યાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ડિંડોલી, પાલ અને અડાજણ વિસ્તારના કુલ 14 જ્વેલર્સોને ત્યાં બે મુખ્ય ખામીઓ સામે આવી હતી. જેમાં વજનકાંટાનું ફરજિયાત રી-વેરીફીકેશન (પુનઃચકાસણી) અને ચોકસાઈ ચકાસવા માટે જરૂરી ટેસ્ટિંગ વેટ્સ રાખ્યા નહોતા. ગ્રાહકોના હિતોની રક્ષા, વેપારમાં પારદર્શિતા અને યોગ્ય માપતોલ સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ કાનૂની માપવિજ્ઞાન (તોલમાપ) વિભાગ દ્વારા રાજ્યભરમાં વ્યાપક આકસ્મિક તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશના ભાગરૂપે તા. 02 અને 03 જાન્યુઆરી-2026 દરમિયાન સુરત જિલ્લામાં પણ સોના-ચાંદીના વેપારીઓ અને જ્વેલરી શોરૂમોની સઘન ચકાસણી કરવામાં આવી હતી. તોલમાપ વિભાગ દ્વારા કરાયેલી તપાસમાં સુરત શહેરના મોટા અને પ્રતિષ્ઠિત જ્વેલર્સમાં કોઈપણ પ્રકારની ખામી કે ગેરરીતિ નોંધાઈ નથી. બીજી તરફ, શહેરના પાલ, અડાજણ અને ડિંડોલી વિસ્તારમાં આવેલા કેટલાક જ્વેલર્સમાં તપાસ દરમિયાન બે મુખ્ય ખામીઓ સામે આવી હતી. તેમાં પ્રથમ ખામી તરીકે વજનકાંટાનું ફરજિયાત રી-વેરીફીકેશન કરાવવામાં આવ્યું ન હોવું અને બીજી ખામી તરીકે ચોકસાઈ ચકાસવા માટે જરૂરી ટેસ્ટિંગ વેટ્સ રાખવામાં આવ્યા ન હતાં. જેથી તોલમાપ વિભાગ દ્વારા પાલ, અડાજણ અને ડિંડોલી વિસ્તારમાં કુલ 14 પ્રોસિક્યુશન કેસ દાખલ કરવામાં આવ્યા હતા. જ્વેલર્સ પાસેથી કુલ રૂ.21,000 દંડ વસુલાયો હતો.

### કયા કયા જ્વેલર્સોની સામે કેસ કરાયો તેની વિગત

| જ્વેલર્સ-એકમનું નામ | દંડની રકમ (રૂ.) |
|---|---|
| સાઇકૃપા જ્વેલર્સ નવાગામ ડિંડોલી | 1000 |
| શ્રી ભામેશ જ્વેલર્સ, ડિંડોલી | 1000 |
| સચિન અમૃત સુનાફા, સરસ્વતી જ્વેલર્સ ડિંડોલી | 2000 |
| નંદની જ્વેલર્સ, નવાગામ, ડિંડોલી | 1000 |
| ઉમેશલાલ દલચંદ સોનાર, નવાગામ, ડિંડોલી | 1000 |
| આર્ય સાઈ જ્વેલર્સ, નવાગામ, ડિંડોલી | 1000 |
| પ્રિન્સ જ્વેલર્સ, બીલીયા નગર-૨, નવાગામ, ડિંડોલી | 1000 |
| રિદ્ધિ જ્વેલર્સ, મુ. ડિંડોલી, નવાગામ | 1000 |
| જગનાથદાર જ્વેલર્સ, નવાગામ, ડિંડોલી | 1000 |
| નકોડા જ્વેલર્સ, પાલ | 3000 |
| શ્રીજી જ્વેલર્સ, અડાજણ | 1000 |
| એન.એસ. જ્વેલર્સ, અડાજણ | 1000 |
| સમર ગોલ્ડ પેલેસ | 3000 |
| વર્ધમાન જ્વેલર્સ | 3000 |
| કુલ | 21000 |

# સુરતમાં ઉત્સાહભેર યોજાઈ રન ફોર ગર્લ્સ મેરેથોન

**ઓલિમ્પિકમાં** આઠ દસ મેડલો નહીં ચાલશે, ૧૦૦થી વધારે મેડલો જીતવાના છેઃ જય શાહ




સુરતઃ રન ફોર ગર્લ્સને ફ્લેગ માર્ચ આપવા આવેલા આઈસીસીના ચેરમેન જય શાહે દોડવીરોમાં ઉત્સાહનો સંચાર કરતાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સ લઈ આવ્યા છે ૨૦૩૬માં આપણે ઓલમ્પિક પણ અહીં જરૂરથી લાવીશું વધુમાં તેમણે જણાવ્યું હતું કે સંકલ્પ કરવાથી તમે કંઈ પણ મેળવી શકો છો.

મહિલા સશક્તિકરણનું ઉમદા ઉદાહરણ પુરું પાડનાર જય શાહે જણાવ્યું હતું કે મહિલા વર્લ્ડ કપમાં જીત પછી હવે લોકો એવું કહેતા થઈ ગયા છે કે મારી દીકરીને સ્મૃતિ મંધાના બનાવી છે એ પહેલા વિરાટ, રોહીત, હાર્દિકની વાત કરવામાં આવતી હતી. રમત ક્ષેત્રે દેશની દીકરીઓએ નામના મેળવી છે ઓલમ્પિકમાં હવે આઠ દસ મેડલો નહીં ચાલશે. આપણે ૧૦૦થી વધારે મેડલો જીતવાના છે અને ગુજરાતના ખેલાડીઓ પણ આ કરિશ્મામાં ભાગીદાર બનશે તેનો મને વિશ્વાસ છે મેડલમાં પણ મહિલાઓ અગ્રેસર રહેશે તેનો મને પાકો ભરોસો છે.

## મહિલા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રઈસા શેખનું પક્ષમાંથી રાજીનામું

સુરતઃ શહેર કોંગ્રેસ દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા નવા સંગઠન માળખા બાદ બીજા જ દિવસથી રાજીનામાઓની શ્રૃંખલા શરૂ થઈ હતી. શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે વિપુલ ઉધનાવાલની નિમણૂક બાદ પખવાડિયા અગાઉ મહામંત્રી, મંત્રી, ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની યાદી જાહેર કરવામાં આવી હતી. આ વચ્ચે શહેર મહિલા મોરચાના નવા પ્રમુખ તરીકે મમતા સવાણીની પસંદગી થતાં અગાઉથી જવાબદારી સંભાળતા રઈસા અકીલ શેખે પાર્ટીના તમામ હોદ્દા અને સભ્યપદ પરથી રાજીનામું આપ્યું છે. રઈસા શેખે આક્ષેપ કર્યો કે જનતા રેડ દરમિયાન બુટલેગરોના હુમલા બાદ પરિવાર પર માનસિક તણાવ આવ્યો હતો, છતાં શહેર પ્રમુખ તરફથી કોઈ સહયોગ મળ્યો નહોતો. મહિલા વિરોધી વલણનો આક્ષેપ લગાવ્યા હતા.

# શિવકથામાંથી પરત થતાં ભક્તોના ટેમ્પોને અકસ્માત

**પલસાણામાંથી** પાછા આવતા થયેલા અકસ્માતમાં એકનું મોત નવ ઘાયલ

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની નીરુબેન રાજેશ પ્રજાપતિ (27 વર્ષ) હાલ પાંડેસરા પોલીસ કોલોનીમાં પરિવાર સાથે રહેતી હતી. નીરુબેન આણંદ ખાતે વકીલાતનો અભ્યાસ કરતી હતી.

રવિવારે બપોરે નીરુબેન સોસાયટીના અંદાજે 9 જેટલા લોકો સાથે એક ટેમ્પોમાં પલસાણામાં આયોજિત શિવ મહાપુરાણ કથા કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

કથા પૂરી થતાં ટેમ્પોમાં સવાર થઈને પાંડેસરા તરફ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન, મરોલી ચેક પોસ્ટ પાસે એક ઝડપી ટ્રકે તેમના ટેમ્પોને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ટેમ્પોના અનેક મુસાફરોને ઈજા પહોંચી, અને નીરુબેનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જયારે અન્ય આઠ વ્યકિતઓને ઈજા પહોંચતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.

### ઈજાગ્રસ્તના નામો

૧. મોનું ગુપ્તા
૨. વંદના ઈન્દ્રજીત પટેલ
૩. મમતા તિવારી
૪. ધ્યાંતિ કહાર
૫. રેખા ગુપ્તા
૬. જ્યોતિ ગુપ્તા
૭. રેખા
૮. જ્યાદેવી રાજેશ પ્રજાપતિ

### ચૌટા બજાર અને વરાછાના બરોડા પ્રિસ્ટેજમાં મનપાએ આંશિક સફળતા મેળવી છે પરંતુ

# અડાજણ-કતારગામમાંમાથાભારે દબાણકર્તાઓ બેકાબૂ

**મેયરના** જ વોર્ડમાં આશ્રમ ચાર રસ્તા પાસે રોજ સાંજે મેઇન રોડ પર ખાણી-પીણીનું બજાર

**મનપાના** તંત્ર-પોલીસને ચેલેન્જ કરી રહેલા અડાજણ પાટીયા પરના દબાણો

**પાલનપોર** શાકમાર્કેટ પાસે તો માથાભારે તત્વોએ આખો રોડ બ્લોક કરી દીધો



સુરત : સ્માર્ટ સિટી સુરતના અનેક વિસ્તારોમાં અત્યારે દબાણની સમસ્યાને કારણે તંત્ર પણ થાકી રહ્યું છે. જ્યાં પાલિકાનું તંત્ર 'નબળા પર નખશિખ' જેવું વલણ અપનાવી રહ્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. સેન્ટ્રલ ઝોનના ચૌટા બજાર અને વરાછાના બરોડા પ્રિસ્ટેજમાં મનપાએ આંશિક સફળતા મેળવી છે, પરંતુ રાંદેર અને કતારગામ ઝોનમાં માથાભારે દબાણ કરનારાઓ તંત્રને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા છે. રાંદેર ઝોનના અડાજણ પાટિયાથી ઋષભ સર્કલ સુધીના મુખ્ય માર્ગ પર ફૂટની લારીઓવાળાઓએ કાયમી અડિંગો જમાવ્યો છે, જેના કારણે વાહનચાલકોને પસાર થવું મુશ્કેલ બન્યું છે. ખાસ કરીને પાલનપોર શાકમાર્કેટ પાસે તો માથાભારે તત્વોએ એક આખો રોડ બ્લોક કરી દીધો છે, પરિણામે વાહનચાલકોને જીવના જોખમે રોંગ સાઈડ પર ચાલવાની ફરજ પડી રહી છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે જ્યાં લોકો પ્રતિકાર નથી કરતા ત્યાં પાલિકા આક્રમક બને છે, પરંતુ જ્યાં માથાભારે તત્વોની દાદાગીરી છે ત્યાં અધિકારીઓ મૂકપ્રેક્ષક બની તમાશો જોઈ રહ્યા છે.

કતારગામ ઝોનમાં પણ સ્થિતિ અત્યંત ગંભીર છે, જ્યાં અનાથ આશ્રમથી આરોગ્ય કેન્દ્ર તરફ જતા રસ્તા પરના દબાણો હટાવવાને બદલે માથાભારે તત્વોએ હવે પારસ ચોકીથી કતારગામ બ્રિજ નીચેના સાંકડા રોડ પર કબજો જમાવી દીધો છે. આશ્ચર્યની વાત એ છે કે આ માર્ગ પરથી ખુદ મેયર અને ઉચ્ચ અધિકારીઓ રોજ પસાર થાય છે, એટલુ જ નહી સ્થાનિક નગર સેવક દ્વારા પણ સ્થાયી સમિતિમાં ફરિયાદ થઈ હતી. તેમ છતાં બીઆરટીએસ બસ સ્ટેન્ડ સામે ચાલતી આ દાદાગીરી રોકવામાં પોલીસ અને પાલિકા બંને નિષ્ફળ સાબિત થયા છે.

અડાજણ પાટિયા અને રામશા ટાવર પાસેના વળાંક પર લારીઓના જમેલાને કારણે સર્જાતી ટ્રાફિક જામની સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવતો નથી. જનતામાં એવો આક્રોશ છે કે જો પાલિકા તંત્ર માત્ર સામાન્ય લોકો પર જ ગાજ વરસાવશે અને માથાભારે દબાણ કરનારાઓને છાવરશે, તો શહેરના મુખ્ય રસ્તાઓ ટૂંક સમયમાં સંપૂર્ણપણે ગૂંગળાઈ જશે.